" સમાચાર નહીં, સાહસની વાર્તા "

# ટ્રેન્ડ ગુજરાત

Daily Trend Gujarat

તંત્રી-માલિક-પ્રકાશક: રીજવાન મનસુરી ● PRGI Registration Number : GJGUJ/25/A3847 ● E-mail : trendgujarat024@gmail.com ● Web www.trendgujarat.tmlive.in

● Year : 01 ● Edition : 25 ● Date 06-1-2026, Tuesday ● Page : 4 ● Price : Rs.1 ● Annual : Rs. 360 ● Editor : RIJVAN MANSURI Mo: 9913720273

# આધાર લિંક વગર સવારે ૮થી ૪ ટિકિટ બુક નહીં થાય

## એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ નિયમ ફક્ત ટ્રેન ટિકિટ બુકિંગ શરૂ થાય તે પહેલા દિવસ માટે જ લાગુ પડે છે

નવી દિલ્હી, તા.૫

ભારતીય રેલવેમાં ટિકિટ બુકિંગના નિયમોમાં એક મોટો ફેરફાર આજથી અમલમાં આવ્યો છે. જો તમારું આધાર કાર્ડ તમારા IRCTC એકાઉન્ટ સાથે લિંક નથી તો તમે આજથી ૫ જાન્યુઆરીથી સવારે ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી ટ્રેન ટિકિટ બુક કરી શકશો નહીં. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ નિયમ ફક્ત ટ્રેન ટિકિટ બુકિંગ શરૂ થાય તે પહેલા દિવસ માટે જ લાગુ પડે છે.

તમારી માહિતી માટે રિઝર્વ ટિકિટ બુકિંગ ટ્રેનની ઉપડવાની તારીખના ૬૦ દિવસ પહેલા ખુલે છે. ભારતીય રેલવે આ નિયમોને ત્રણ તબક્કામાં લાગુ કરી રહી છે. પહેલો તબક્કો ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ લાગુ કરવામાં આવ્યો હતો અને બીજો તબક્કો આજથી અમલમાં આવ્યો છે. આ નિયમો હેઠળ, ૨૯ ડિસેમ્બરથી શરૂ કરીને, IRCTC વપરાશકર્તાઓ માટે ટિકિટ બુકિંગ સ્થગિત કરવામાં આવ્યું હતું જેમના એકાઉન્ટ્સ ૮ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી આધાર સાથે લિંક નથી. આજથી, ૮ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી ટિકિટ બુકિંગ સ્થગિત કરવામાં આવ્યું છે.

IRCTC ના નવા નિયમો અનુસાર, ૫ જાન્યુઆરીથી શરૂ થતા ફક્ત એવા વપરાશકર્તાઓ કે જેમણે પોતાનું ID આધાર કાર્ડ સાથે લિંક કર્યું છે તેઓ જ સવારે ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી ટિકિટ બુક કરાવી શકશે. જોકે, આ નિયમ ટ્રેન ટિકિટ બુક કરાવવા માટે ૬૦ દિવસની



મુદતના પહેલા દિવસે લાગુ પડે છે. ટ્રેન માટે એડવાન્સ ટિકિટ બુકિંગ ૬૦ દિવસ અગાઉથી શરૂ થાય છે. ભારતીય રેલવે (IRCTC) એ આ નિયમ ત્રણ તબક્કામાં લાગુ કર્યો છે.

વધુમાં, ૧૨ જાન્યુઆરીથી સવારે ૮ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી જે વપરાશકર્તાઓના IRCTC એકાઉન્ટ્સ આધાર સાથે લિંક નથી તેઓ ટિકિટ બુક કરી શકશે નહીં. આ નિયમ લાગુ કરવાનો હેતુ પારદર્શિતા લાવવાનો છે જેથી સાચા મુસાફરોને ટિકિટ બુક કરવાની તક મળે. આ નિયમના અમલીકરણથી ટિકિટ બ્રોકરોના નકલી એકાઉન્ટ્સ દ્વારા ટિકિટ બુકિંગ અટકાવવામાં નોંધપાત્ર મદદ મળશે. આ જાહેરાત બાદ, મુસાફરોને શરૂઆતના દિવસે ટિકિટ મેળવવામાં સરળતા રહેશે. સામાન્ય વપરાશકર્તાઓને આ નિયમનો લાભ મળશે. તેમને ટિકિટની સંપૂર્ણ ઍક્સેસ મળશે. વધુમાં, કાઉન્ટર પર ટિકિટ બુક કરતી વખતે પણ OTP જરૂરી રહેશે. આ હેતુ માટે તમારો મોબાઈલ નંબર આધાર સાથે લિંક હોવો આવશ્યક છે.

### ફરી ખાખીને લાંછન લગાડતી શરમજનક ઘટના

# પોલીસકર્મીઓએ એક યુવક સાથે અમાનવીય વર્તન કર્યું

## નંબર પ્લેટ વગરની ગાડી બાબતે થયેલી બોલાચાલીમાં પોલીસકર્મીઓએ એક યુવક સાથે અમાનવીય વર્તન કર્યું હોવાના આક્ષેપો થયા છે

વડોદરા,તા.૪

રક્ષક જ ભક્ષક' બને ત્યારે જનતાનો કાયદા પરથી વિશ્વાસ ઉઠી જતો હોય છે. સંસ્કારી નગરી વડોદરામાં ફરી એકવાર ખાખીને લાંછન લગાડતી શરમજનક ઘટના સામે આવી છે. સયાજીગંજ ટ્રાફિક પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારી અને કર્મચારીઓ પર એક નિર્દોષ યુવકને ઢોર માર મારવાનો ગંભીર આરોપ લાગ્યો છે.

મળતી માહિતી મુજબ, વિવાદની શરૂઆત માત્ર નંબર પ્લેટ વગરની ગાડી બાબતે થઈ હતી. સામાન્ય બોલાચાલી બાદ પોલીસકર્મીઓએ માનવતા નેવે મૂકીને યુવક સાથે હિંસક વર્તન શરૂ કર્યું હતું. ઈજાગ્રસ્ત યુવકે રડતી આંખે પોતાની આપવીતી વર્ણવતા જણાવ્યું કે, પોલીસે તેને પકડીને પોલીસ વેનમાં બેસાડ્યો અને ત્યાં જ તેને માર મારવાનું શરૂ કરી દીધું હતું.આ ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત ટ્રાફિક ACP ડી.એમ. વ્યાસની સંડોવણી છે. યુવકનો આરોપ છે કે ટ્રાફિક પોલીસ સ્ટેશન લઈ ગયા બાદ ACP અને અન્ય કોન્સ્ટેબલોએ તેને કોઈ જાનવરની જેમ દંડાથી ફટકાર્યો હતો. અત્યાચારની હદ તો ત્યારે વટાવી જ્યારે યુવકને જમીન પર સુવડાવી, તેની છાતી પર ચઢી જઈને તેના ગુપ્ત ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી. આ ઘટના બાદ વડોદરાની જનતા પૂછી રહી છે કે શું ખાખી વર્દી પહેર્યા પછી કાયદો હાથમાં લેવાનો અને કોઈની જિંદગી સાથે ખીલવાડ કરવાનો પરવાનો મળી જાય છે? શહેરમાં બુટલેગરો અને ગુંડા તત્વો સામે ઘૂંટણિયે પડતી પોલીસ એક સામાન્ય નાગરિક સામે સિંઘમ બનવાનો પ્રયાસ કેમ કરી રહી છે? નંબર પ્લેટ વગરની ગાડીનો ગુનો દંડપાત્ર હોઈ શકે, પણ શું તેના માટે કોઈને અધમૂવો કરી નાખવો એ વ્યાજબી છે?અત્યાચાર ગુજારનાર ACP અને કોન્સ્ટેબલો સામે તાત્કાલિક કડક તપાસ થાય. જેમ ગુનેગારોનો વરઘોડો કાઢવામાં આવે છે, તેમ આ 'ખાખીધારી ગુંડાઓ' સામે પણ કાયદેસરની કાર્યવાહી થાય. પીડિત યુવકને ન્યાય મળે અને દોષિતોને સસ્પેન્ડ કરવામાં આવે.

### રેલવે સ્ટેશન પર એક મોટી આગની ઘટના બની

# ત્રિશૂર રેલવે સ્ટેશન પર મોટી આગ, ૨૦૦થી વધુ વાહનો બળીને ખાખ

## અધિકારીઓએ જણાવ્યું છે કે ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ, ઈંધણ લીકેજ અથવા અન્ય કોઈ તકનીકી ખામીના કારણે આગ લાગી હોવાની શક્યતા છે

કેરળ,તા.૪

કેરળના ત્રિશૂર રેલ્વે સ્ટેશન પર રવિવારે વહેલી સવારે થયેલી ભીષણ આગની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં હડકંપ મચાવી દીધો. આ આગમાં સ્ટેશનના પાર્કિંગ વિસ્તારમાં પાર્ક કરાયેલા ૨૦૦થી વધુ ટુ-વ્હીલર બળીને ખાખ થઈ ગયા.

રવિવારે સવારે કેરળના ત્રિશૂર રેલ્વે સ્ટેશન પર એક મોટી આગની ઘટના બની હતી. પ્લેટફોર્મ નંબર ૨ પાસે આવેલા ટુ-વ્હીલર પાર્કિંગ વિસ્તારમાં સવારે અંદાજે ૬:૪૫ વાગ્યે અચાનક આગ લાગી હતી. થોડા જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને ત્યાં પાર્ક કરાયેલા ૨૦૦થી વધુ મોટરસાયકલ અને સ્કૂટર બળીને ખાખ થઈ ગયા.

આ પાર્કિંગ વિસ્તારમાં રોજિંદા ધોરણે લગભગ ૫૦૦થી વધુ ટુ-વ્હીલર પાર્ક કરવામાં આવે છે. આગ લાગ્યા સમયે પણ મોટી સંખ્યામાં વાહનો પાર્ક કરેલા હતા. વાહનોમાં રહેલા પેટ્રોલ અને અન્ય બળતણના કારણે આગ ઝડપથી ફેલાઈ હોવાનું પ્રાથમિક રીતે માનવામાં આવી રહ્યું છે. આગની ઊંચી જ્વાળાઓ અને ઘાટો ધુમાડો જોઈને મુસાફરો, સ્ટેશન સ્ટાફ અને આસપાસના સ્થાનિક લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.આગની જાણ થતાં જ ફાયર અને રેસ્ક્યુ સર્વિસની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અનેક ફાયર ટેન્ડરોની મદદથી લગભગ અડધા કલાકની મહેનત બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો. જો કે આગ બુઝાવી દેવામાં આવી હતી, પરંતુ લાંબા સમય સુધી વિસ્તારમાં ધુમાડો છવાયેલો રહ્યો, જેના કારણે મુસાફરોને તકલીફ પડી હતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ઘણા વાહનો સંપૂર્ણ રીતે બળી ગયા હતા અને માત્ર લોખંડનો બળેલો ભાગ જ બચ્યો હતો. કેટલાક વાહનોને આંશિક નુકસાન થયું હતું. પાર્કિંગમાં વાહન મૂકીને મુસાફરી માટે ગયેલા અનેક લોકો ઘટનાની જાણ થતાં જ સ્ટેશન પર પહોંચ્યા હતા, પરંતુ પોતાના વાહનો રાખમાં ફેરવાયેલા જોઈને તેઓ દુઃખી અને નિરાશ થયા હતા.

# જામનગરમાં રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની લેવાયેલી પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

## પરીક્ષામાં કુલ ૨૫૨૭ ઉમેદવારો નોંધાયા હતા જેમાંથી ૨૦૩૫ હાજર અને ૪૯૨ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા

જામનગર,તા.૪

ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ ની લેખિત પરીક્ષાઓ આજે લેવામાં આવી હતી. જે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

પરીક્ષાઓ દરમિયાન ચોરીના દુષણના કારણે તેજસ્વ વિધાર્થીઓ ને નિયમાનુસાર પરીક્ષા આપવામાં અડચણ થાય નહી તે માટે જામનગર જિલ્લા ના પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષા સુચારુ રીતે પૂર્ણ થાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસના ઝેરોક્ષ સેન્ટર્સ અને કોપીયર મશીન પરીક્ષાના સમય દરમિયાન બંધ રહે, તેમજ પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ અને અન્ય અનધિકૃત સાહિત્ય વગેરે સાથે ના લઈ જાય તે માટે પ્રતિબંધાત્મક હુકમો ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું.જામનગર જિલ્લામાં નેશનલ હાઈસ્કૂલ, આર.આર.શાહ હાઈસ્કૂલ, નંદન માધ્યમિક શાળા, એલ.જી.હરિયા સ્કૂલ, જેકુરબેન સોની કન્યા વિદ્યાલય, પ્રણામી હાઈસ્કુલ, શિશુવિહાર હિન્દી હાઈસ્કૂલ, શ્રીમતી જી.એસ. મહેતા કન્યા વિદ્યાલય, ભવંસ એ કે. દોશી વિદ્યાલય, ડી એસ. ગોજીયા વિદ્યાલય અને સત્યસાંઇ વિદ્યાલય એમ કુલ ૧૧ કેન્દ્ર ની પરીક્ષા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

### ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું

# દિલ્હી, ઉત્તર પ્રદેશમાં ગાઢ ધુમ્મસથી જનજીવન પ્રભાવિત

નવી દિલ્હી,તા.૪

નવા વર્ષના પહેલા અઠવાડિયામાં ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. દિલ્હી, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સહિત મેદાની વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ અને ઠંડી ના મોજાએ સામાન્ય જનજીવનને ખોરવી નાખ્યું છે, જ્યારે જમ્મુ અને કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઉપરના ભાગોમાં તાજી હિમવર્ષા એ પ્રવાસીઓને આકર્ષ્યા છે.સવારે અને સાંજે ગાઢ ધુમ્મસ છવાયેલું રહે છે, જેના કારણે દશ્યતામાં ઘટાડો થાય છે.લઘુત્તમ તાપમાન ૮-૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે છે, મહત્તમ તાપમાન ૧૬-૧૮ ડિગ્રી સેલ્સિયસ રહે છે.વિવિધ વિસ્તારોમાં ઠંડી ની સ્થિતિ ચાલુ રહે છે, જેના પરિણામે દિવસ ઠંડો રહે છે.હવાઈ અને રેલ ટ્રાફિક પ્રભાવિત થયો છે, ઘણી ફ્લાઈટ્સ મોડી પડી છે.લખનૌ, વારાણસી અને પ્રયાગરાજ સહિત ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં ધુમ્મસના કારણે ટ્રાફિક જામ અને અકસ્માતોનું જોખમ સર્જાયું છે.રાજયભરમાં ભારે ઠંડી પ્રવર્તી રહી છે. આગામી થોડા દિવસો સુધી રાહતની કોઈ આશા નથી. શનિવારે રાજધાની ધુમ્મસ મુક્ત રહી હતી, પરંતુ ઠંડીના મોજાને કારણે દિવસનું તાપમાન ૧૬.૩ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, લખનૌ સહિત ઘણા જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ માટે કોલ્ડવેવ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે બાંદા, ચિત્રકૂટ, પ્રયાગરાજ સહિત લગભગ ૩૦ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસની આગાહી કરવામાં આવી છે.ઘણા જિલ્લાઓમાં ધુમ્મસને કારણે સવારે શૂન્ય દશ્યતા નોંધાઈ હતી. રવિવાર અને સોમવારે લઘુત્તમ તાપમાનમાં ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે

# મેરિટમાં આગળ હોય તો જનરલ કેટેગરીની નોકરીમાં પણ SC/ST/OBCનો હક

નવી દિલ્હી, તા.૫

સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો અનામત વર્ગનો કોઈ ઉમેદવાર જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધુ માર્કસ મેળવે છે, તો તેને શોર્ટ લિસ્ટિંગ વખતે ઓપન કેટેગરીનો ગણવો જોઈએ. રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયને યથાવત્ રાખતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, યોગ્યતા ધરાવતા ઉમેદવારોને માત્ર તેમની અનામત શ્રેણી પૂરતા સીમિત રાખી શકાય નહીં. આ ચુકાદાથી સરકારી ભરતીઓમાં મેરિટ ને વધુ પ્રાધાન્ય મળશે અને તેજસ્વી ઉમેદવારો સાથે થતો અન્યાય અટકશે.

ઓગસ્ટ ૨૦૨૨માં રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા જુનિયર જ્યુડિશિયલ આસિસ્ટન્ટ અને ક્લર્ક ગ્રેડ-II ની ૨,૭૫૬ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી. આ પ્રક્રિયામાં ૩૦૦ માર્કસની લેખિત પરીક્ષા અને ૧૦૦ માર્કસની ટાઈપિંગ ટેસ્ટ નક્કી કરવામાં આવી હતી. નિયમ મુજબ, દરેક કેટેગરીમાં ખાલી જગ્યા કરતા ૫ ગણા ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવાના હતા.

મે ૨૦૨૩માં તેનું પરિણામ આવ્યું, ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી કે જીઝ, OBC, MBC અને EWS કેટેગરીના કટ-ઓફ જનરલ કેટેગરી કરતા પણ ઊંચા ગયા હતા. આ કારણે ઘણા એવા ઉમેદવારો લિસ્ટમાંથી બહાર થઈ ગયા જેમના માર્કસ જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધારે હતા, પરંતુ તેમની પોતાની અનામત શ્રેણીના ઊંચા કટ-ઓફને કારણે તેઓ ટાઈપિંગ ટેસ્ટ માટે ક્વોલિફાય ન થઈ શક્યા.

આ અરજી મુદ્દે રાજસ્થાન હાઈકોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે જે ઉમેદવારોએ કોઈ પણ વધારાની છૂટછાટ વગર જનરલ કેટેગરી કરતા વધુ માર્કસ મેળવ્યા છે, તેમને ઓપન કેટેગરી માં જ ગણવા જોઈએ.

આ અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે આ નિર્ણયને યથાવત્ રાખતા કહ્યું કે, 'ઓપન કેટેગરી એ કોઈ અનામત ક્વૉટા નથી. તે તમામ ઉમેદવાર માટે માત્ર મેરિટના આધારે ખુલ્લી છે. જો કોઈ અનામત વર્ગનો ઉમેદવાર ક્ષમતા પર વધુ માર્કસ લાવે છે, તો તેને જનરલ કેટેગરીમાં જ સ્થાન મળવું જોઈએ.'આ ચુકાદા બાદ, હવે ભરતી બોર્ડે પહેલા જનરલ કેટેગરીનું મેરિટ લિસ્ટ તૈયાર કરવું પડશે. જે ઉમેદવારો તેમાં સ્થાન પામશે, તેમને અનામત યાદીમાંથી બહાર રાખીને બાકીની અનામત બેઠકો ભરવી પડશે.

## તંત્રી સ્થાનેથી..

### અમેરિકા-વેનેઝુએલાની ઘમસાણની અસર સોના-ચાંદી પર પડી, રૉકેટ ગતિએ ઉછળ્યા ભાવ

અમેરિકા-વેનેઝુએલાની ઘમસાણની સીધી અસર સોના-ચાંદીના ભાવ પર પડી છે. અમેરિકાએ વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરવાના અને બંને દેશો વચ્ચે સૈન્ય ઘર્ષણના સમાચાર સામે આવ્યા બાદ રોકાણકારો સતર્ક થઈ ગયા છે, જેના કારણે આજે પાંચમી જાન્યુઆરીએ સોના-ચાંદીની કિંમતોમાં રૉકેટ વધારો થયો છે. વૈશ્વિક ટેન્શનને ધ્યાને રાખીને રોકાણકારોએ શેર માર્કેટથી દૂર રહેવાનો અને સોના-ચાંદીમાં સુરક્ષિત રોકાણ કરવાનું વલણ અપનાવ્યું છે. સુરક્ષિત રોકાણ કરનારાઓએ સોનાનો ભાવ રૂ.૧.૩૭ લાખ અને ચાંદીની કિંમત રૂ.૨.૪૩ લાખ પર પહોંચાડી દીધી છે.

'ગોલ્ડ ફેબ્રુઆરી ફ્યૂચર'માં આજે જોરદાર વધારો જોવા મળ્યો છે. બપોરે દોઢ વાગ્યે પ્રતિ ૧૦ ગ્રામ સોનાની કિંમત ૧.૪૭ ટકા વધીને ૧,૩૭,૭૫૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. જોકે આ આંકડો ડિસેમ્બર-૨૦૨૫ના રેકોર્ડ લેવલથી ૧,૪૦,૪૬૫ રૂપિયા નીચે છે.આજે ચાંદીના ભાવમાં પણ ધરખમ વધારો જોવા મળ્યો છે. એમસીએક્સ પર 'સિલ્વર માર્ચ ફ્યૂચર' ૨.૯૨ ટકા વધારાની સાથે ૨,૪૩,૨૩૩ રૂપિયે પ્રતિ કિલો પર ટ્રેડ કરતો જોવા મળ્યો છે. આજે પ્રતિ કિલો ચાંદીની ભાવમાં એક જ દિવસમાં લગભગ રૂપિયા ૬૮૦૦થી વધુનો વધારો જોવા મળ્યો છે. જોકે આ આંકડો ડિસેમ્બર-૨૦૨૫ના ઑલ ટાઈમ હાઈવ ૨,૫૪,૧૭૪ રૂપિયાથી નીચે છે.

અમેરિકામાં 'સ્પોટ ગોલ્ડ' પ્રતિ ઔંશ લગભગ ૧.૫ ટકા વધ્યું છે, જેના કારણે તેની કિંમત ૪૩૯૫ ડૉલર પર પહોંચી છે. જ્યારે 'ગોલ્ડ ફ્યૂચર' પ્રતિ ઔંશ ૪૪૧૮ ડૉલર પર ટ્રેડ થતું જોવા મળ્યું છે. રશિયા-યુક્રેન વાતચીતમાં અનિશ્ચિતતા અને ડૉલર સામે રૂપિયો ગગડતા, તેની અસર સ્થાનિક માર્કેટમાં સોના-ચાંદીના ભાવ પર પડી છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૧મી જાન્યુઆરીએ રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદઘાટન કરશેઃ નાયબ મુખ્યમંત્રી



નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, રાજયના નાના-મોટા ઉદ્યોગકારોની મુશ્કેલીઓ, પ્રશ્નો અને રજૂઆતોનો તત્કાલ હલ કરીને તેઓ વધુ રોકાણ કરીને ઉદ્યોગ-ધંધાનો વિકાસ કરી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન મુજબ આજે રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગકારો સાથે સંકલન બેઠક યોજવામાં આવી હતી. આ સાથે તમામ વિભાગો સાથે ગ્રુપ બેઠક પણ યોજવામાં આવી હતી.

તેમણે કહ્યું હતું કે, મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં રાજકોટ એ ગુજરાતનું ગ્રોથ એન્જિન છે અને આગામી દિવસોમાં દેશ અને દુનિયામાંથી વધુ રોકાણ આવી શકે તે માટે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ મહેસાણામાં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીન હસ્તે ૧૧મી જાન્યુઆરીએ રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદઘાટન કરવામાં આવશે. આ કોન્ફરન્સ તેમજ ત્યારબાદના દિવસોમાં પણ સૌરાષ્ટ્ર તથા કચ્છમાં મોટાપાયે રોકાણ આવશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યું હતું કે, રાજકોટ મેન્યુફેક્ચરિંગ સહિત તમામ સેક્ટરમાં ખૂબ જ ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. પરંતુ હજુ પણ વધુ ઝડપથી વિકાસ થઈ શકે અને વેપારીઓ, ઉદ્યોગકારો, ઉત્પાદકો વધુ સરળતાથી કામ કરી શકે તે માટે આજે તેઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારની વિવિધ ઔદ્યોગિક નીતિઓ અંતર્ગત રાજ્યના ૧૦,૪૩૫ ઉદ્યોગકારોને રૂ. ૯૫૬.૫૧ કરોડની પ્રોત્સાહક સહાયનું આજે રાજકોટથી વિતરણ કરવામાં આવ્યું છે. ટેક્સટાઈલ ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ, પર્યાવરણ ઔદ્યોગિક માળખાકીય સુવિધાની યોજના, લઘુ ઉદ્યોગો અંગેની યોજના વગેરે જેવી યોજનાઓ હેઠળ સૌરાષ્ટ્ર કચ્છના ૧૩૭ ઉદ્યોગકારોને કુલ રૂપિયા ૬૬૧.૭૩ કરોડની રકમના મંજૂરીપત્રોનું વિતરણ અહીંથી કરવામાં આવનાર છે. દેશમાં ગુજરાત એ સૌથી ઝડપથી ઈન્સેન્ટિવ આપતું રાજ્ય છે. આ કામગીરી વધુ ઝડપથી થઈ શકે તે માટે ઉદ્યોગ વિભાગ દ્વારા દિવસ-રાત કાર્ય કરવામાં આવતું હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત દેશમાં સૌથી વધુ રોકાણ લાવવામાં સફળ રહ્યું છે. આગામી દિવસોમાં પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર સૌ નાગરિકોના સહયોગથી રાજ્યમાં વધુમાં વધુ રોકાણ લાવીને વિકાસના માર્ગે અગ્રેસર રહેશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. જ્યારે પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, ઉદ્યોગકારો અને વેપારીઓ વિવિધ ઉત્પાદનો અને વેપાર-ધંધા થકી રાજ્યની અર્થવ્યવસ્થામાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે ત્યારે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ઉદ્યોગકારોના પ્રશ્નોના સ્થળ પર જ નિકાલ લાવી શકાય તેમજ નીતિ વિષયક પ્રશ્નનો તાત્કાલિક રાજયસ્તરેથી નિકાલ લાવી શકાય તે માટે આજે અહીં ઉદ્યોગકારો સાથે બેઠક યોજવામાં આવી હતી, તેને હું આવકારું છું.આ પ્રેસ કોન્ફરન્સમાં મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ સુશ્રી જયંતિ રવિ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ સુશ્રી મમતા વર્મા, ધારાસભ્ય સર્વશ્રી ઉદયભાઈ કાનગડ, ડૉ. દર્શિતાબેન શાહ, શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશ વગેરે જોડાયા હતા.

## યુવાને પત્નીના આડા સંબંધોથી કંટાળીને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી

સુરત,

સુરત શહેરના સચિન GIDC વિસ્તારમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં એક પરણેતિ યુવાને પત્નીના આડા સંબંધોથી કંટાળીને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. એક સંતાનના પિતા એવા આ યુવાને પત્નીને તેના પ્રેમી સાથે જોઈ લીધા બાદ આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. જોકે, મૃતકના પરિવારે પત્ની સામે ગંભીર આક્ષેપો કર્યા છે.ઘટનાની મળતી માહિતી અનુસાર, સચિન GIDC વિસ્તારમાં રહેતા યુવાનના લગ્નજીવનમાં છેલ્લા કેટલાક સમયથી ખટરાગ ચાલતો હતો. અંદાજે ૧૦ દિવસ પહેલા પતિએ પોતાની પત્નીને તેના પ્રેમી સાથે કઢંગી હાલતમાં જોઈ લીધી હતી. આ ઘટના બાદ દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડા થયા હતા. પત્નીના આડા સંબંધોનો પર્દાફાશ થતા ઘરમાં કંકાસ વધ્યો હતો અને પત્ની રિસાઈને તેના પિયર ચાલી ગઈ હતી.યુવાનના મોતના સમાચાર મળતા જ પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જોકે, મૃતકના પરિવારજનોએ આ મામલે પત્ની અને તેના પક્ષના લોકો પર ગંભીર આક્ષેપ કર્યા છે. આ ઘટના બાદ દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડા થયા હતા. પત્નીના આડા સંબંધોનો પર્દાફાશ થતા ઘરમાં કંકાસ વધ્યો હતો અને પત્ની રિસાઈને તેના પિયર ચાલી ગઈ હતી.યુવાનના મોતના સમાચાર મળતા જ પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જોકે, મૃતકના પરિવારજનોએ આ મામલે પત્ની અને તેના પક્ષના લોકો પર ગંભીર આક્ષેપ કર્યા છે.

## કેનેડા કહે છે કે તે વેનેઝુએલાના નેતૃત્વ હેઠળની સંક્રમણ પ્રક્રિયાને સમર્થન આપે છે જે લોકોનો આદર કરે છે

**ટોરોન્ટો,**

**કેનેડા સરકારે અમેરિકન સ્પેશિયલ ફોર્સિસના કર્મચારીઓ દ્વારા વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ પર સાવધાનીપૂર્વક પ્રતિક્રિયા આપી છે, જે બાદમાં તેમને ફેડરલ આરોપોનો સામનો કરવા માટે ન્યૂ યોર્ક લઈ ગયા હતા.**

**એક નિવેદનમાં, કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નેએ કહ્યું કે તેમની સરકાર "વેનેઝુએલાના લોકો માટે સ્વતંત્રતા, લોકશાહી, શાંતિ અને સમૃદ્ધિની તકનું સ્વાગત કરે છે."**

**"કેનેડા લાંબા સમયથી શાંતિપૂર્ણ, વાટાઘાટોવાળી અને વેનેઝુએલાના નેતૃત્વ હેઠળની સંક્રમણ પ્રક્રિયાને સમર્થન આપે છે જે વેનેઝુએલાના લોકોની લોકશાહી ઈચ્છાનો આદર કરે છે," તેમણે નોંધ્યું.**

**જોકે, તેમણે કહ્યું કે કેનેડાએ "બધા પક્ષોને આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવા" હાકલ કરી છે, અને ઉમેર્યું કે, "અમે શાંતિપૂર્ણ અને લોકશાહી સમાજમાં પોતાનું ભવિષ્ય નક્કી કરવા અને બનાવવાના વેનેઝુએલાના લોકોના સાર્વભૌમ અધિકારને સમર્થન આપીએ છીએ. કેનેડા બહુપક્ષીય જોડાણ દ્વારા કટોકટીના ઉકેલને ખૂબ મહત્વ આપે છે અને ચાલુ વિકાસ અંગે આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે ગાઢ સંપર્કમાં છે."**

**કેનેડાએ ૨૦૧૮ થી માદુરો શાસનને માન્યતા આપી નથી, અને કાર્નેએ તેને "ગેરકાયદેસર" ગણાવ્યું છે.**

**તેમણે કહ્યું, "માર્ચ ૨૦૨૫ માં કેનેડાની નવી સરકાર દ્વારા લેવામાં આવેલા પ્રથમ પગલાંમાં નિકોલસ માદુરોના ક્રૂર દમનકારી અને ગુનાહિત શાસન પર વધારાના પ્રતિબંધો લાદવાનો સમાવેશ થાય છે - આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા, ઘોર અને વ્યવસ્થિત માનવ અધિકાર ઉલ્લંઘનો અને ભ્રષ્ટાચારના તેમના ગંભીર ઉલ્લંઘનોની સ્પષ્ટપણે નિંદા કરે છે."**

**"કાયદાના શાસન અને લોકશાહીને જાળવી રાખવાની અમારી લાંબા સમયથી પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને, કેનેડા વેનેઝુએલાના લોકો અને શાંતિપૂર્ણ અને લોકશાહી સમાજમાં રહેવાની તેમની ઈચ્છાને અનુસરીને ઉભું છે. કેનેડા તમામ પક્ષોને સંયમ રાખવા અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા પણ હાકલ કરે છે," વિદેશ મંત્રી અનિતા આનંદે એક નિવેદનમાં જણાવ્યું હતું. તેમણે નિર્દેશ કર્યો કે કેનેડાએ ૨૦૧૯ માં વેનેઝુએલામાં તેનું દૂતાવાસ બંધ કરી દીધું હતું.**

**"કેનેડા તેના આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે સંપર્ક કરી રહ્યું છે અને વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યું છે," તેમણે ઉમેર્યું.**

**જોકે, વિપક્ષી નેતા પિયર પોઈલીવરેની પ્રતિક્રિયા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કાર્યવાહીના આદેશની સ્પષ્ટપણે તરફેણમાં હતી. કન્ઝર્વેટિવ પાર્ટીના નેતાએ પોસ્ટ કર્યું, "નાર્કો-આતંકવાદી અને સમાજવાદી સરમુખત્યાર નિકોલસ માદુરોની સફળતાપૂર્વક ધરપકડ કરવા બદલ રાષ્ટ્રપતિ ટ્રમ્પને અભિનંદન, જેમણે જેલમાં પોતાના દિવસો પસાર કરવા જોઈએ." પોઈલીવ્રેની પત્ની અનાઈડાનો જન્મ વેનેઝુએલામાં થયો હતો.**

**પોઈલીવ્રેએ એમ પણ કહ્યું હતું કે, "તાજેતરની વેનેઝુએલાની ચૂંટણીના કાયદેસર વિજેતા, એડમુન્ડો ગોન્ઝાલેઝે, વેનેઝુએલાના લોકોના બહાદુર નાયક અને અવાજ, મારિયા કોરિના માચાડો સાથે પદ સંભાળવું જોઈએ." ગોન્ઝાલેઝ ૨૦૨૪ ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં માદુરો સામે ચૂંટણી લડી રહેલા વિપક્ષી ઉમેદવાર હતા અને માચાડોને તેમના શાસન વિરોધી કાર્ય માટે ૨૦૨૫ નો નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.**

**બીજી તરફ, ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી અથવા દ્રહ્ઁ ના વચગાળાના નેતા ડોન ડેવિસે રવિવારે થયેલી ઘટનાઓને "સ્પષ્ટ રીતે ગેરકાયદેસર, દંભી અને ખતરનાક" ગણાવી હતી. "વેનેઝુએલા પર યુએસનો હુમલો ન તો સ્વ-બચાવનું કાર્ય છે અને ન તો તેને યુએન સુરક્ષા પરિષદની મંજૂરી છે. તેથી તે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે અને યુએન કરારોનું ઉલ્લંઘન છે જે યુએસએ સભ્ય રાજ્ય તરીકે જાળવી રાખવા સંમત થયા છે," તેમણે ભારપૂર્વક જણાવ્યું.**

## ગ્રીસના તમામ એરપોર્ટ પર કામગીરી સ્થગિત; મોટા પાયે રેડિયો ફ્રીક્વન્સી નિષ્ફળતાના અહેવાલો

ગ્રીક રાજ્ય ટીવી અને દેશની ઉડ્ડયન સત્તાવાળાઓ અનુસાર, રવિવારે રેડિયો ફ્રીક્વન્સી વિક્ષેપ પછી ગ્રીસના એરપોર્ટ પર હવાઈ ટ્રાફિક બંધ કરવામાં આવ્યો હતો.

ગ્રીસ ઉપરનું હવાઈ ક્ષેત્ર અચાનક ખાલી થઈ ગયું કારણ કે દેશભરમાં ફ્લાઈટ્સ સ્થગિત કરવામાં આવી હતી.


અધિકારીઓએ જણાવ્યું હતું કે વિક્ષેપનું કારણ તપાસ હેઠળ છે. ગ્રીસના નાગરિક ઉડ્ડયન સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે એથેન્સ ફ્લાઈટ ઈન્ફર્મેશન રિજન દ્વારા કેટલીક ઓવરફ્લાઈટ્સ ચાલુ રહી હતી, પરંતુ સલામતીના પગલા તરીકે એરપોર્ટ કામગીરી પર પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, મીડિયા સૂત્રોના જણાવ્યા અનુસાર.

ફ્લાઈટ-ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે ગ્રીક હવાઈ ક્ષેત્ર મોટાભાગે ખાલી હતું. રાજ્ય પ્રસારણકર્તા ઈઈ્ એ અહેવાલ આપ્યો હતો કે ગ્રીસના એરપોર્ટ પર આગમન અને પ્રસ્થાન સ્થાનિક સમય અનુસાર સવારે ૯:૦૦ વાગ્યા (0700 GMT) થી સ્થગિત કરવામાં આવ્યા હતા, જેમાં ફસાયેલા મુસાફરોથી ભરેલા એલેફેથેરિયોસ વેનિઝેલોસ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના પ્રસ્થાન ટર્મિનલમાંથી દ્રશ્યો પ્રસારિત કરવામાં આવ્યા હતા.જણાવ્યું હતું કે ઘણી ફ્લાઈટ્સ પડોશી દેશોમાં વાળવામાં આવી રહી છે. ઈઝરાયલમાં, એરપોર્ટ ઓથોરિટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ગ્રીક હવાઈ ક્ષેત્ર સ્થાનિક સમય મુજબ સાંજે ૪:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે, મુસાફરોને ચેતવણી આપવામાં આવી છે કે આગમન અને પ્રસ્થાન બંનેમાં વિલંબ થવાની અપેક્ષા રાખવામાં આવે.

"સુરક્ષા ચેક-ઈન સવારે ૯ વાગ્યાથી બંધ! ગ્રીક એરસ્પેસમાં ચાલુ રેડિયો ફ્રીક્વન્સી નિષ્ફળતાને કારણે (૪ જાન્યુઆરી, ૨૦૨૬ ની શરૂઆતમાં શરૂ થયું), દેશભરમાં કોઈ ટેકઓફ શક્ય નથી. એથેન્સ ઈન્ટરનેશનલ પર સવારે ૯ વાગ્યાથી સુરક્ષા ચેક-ઈન અને પ્રસ્થાન બંધ છે," ગ્રીક સિટી ટાઈમ્સે ઠ પર પોસ્ટ કર્યું.

"મોટી કતારો વધી રહી છે, મુસાફરો અટવાઈ ગયા છે. શક્ય હોય ત્યાં મેન્યુઅલી લેન્ડિંગ, પરંતુ ઘણા ડાયવર્ઝન/વિલંબ બધા ગ્રીક એરપોર્ટ પ્રભાવિત - FIR એથેન્સ અસરકારક રીતે બંધ. નાગરિક ઉડ્ડયન સત્તાવાળાઓએ સુધારામાં ઉતાવળ કરી, પરંતુ હજુ સુધી કોઈ ETA નથી.

## આબુમાં ઠંડીનો પારો ગગડતા પ્રવાસીઓ પિકનિક માટે ઉમટ્યા



રાજસ્થાન,

રાજસ્થાનના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં હાલ હાડ થિજવતી ઠંડી પડી રહી છે. તાપમાનનો પારો સતત ગગડતા સહેલાણીઓ કોહરા સાથે કડકડતી ઠંડીનો આનંદ લઈ રહ્યા છે. નવા વર્ષની શરૂઆતથી જ સતત માઉન્ટ આબુમાં હવામાનમાં ફેરફાર આવ્યો છે. લઘુત્તમ તાપમાન શૂન્ય (૦) ડિગ્રીથી નીચે પહોંચી જતાં સવારમાં મેદાન, વાહનો અને રસ્તા પર બરફની આછેરી ચાદર પથરાઈ ગઈ છે. મહત્વનું છે કે ગુજરાતમાંથી મોટી સંખ્યા પર્યટકો માઉન્ટ આબુમાં હરવા-ફરવા જાય છે ત્યારે ખુશનુમા વાતાવરણ થતાં પ્રવાસની મજા બમણી થઈ ગઈ છે. માઉન્ટ આબુમાં માઈનસ ૩ ડિગ્રી જેટલું સવારનું તાપમાન નોંધાયું છે જેના કારણે મેદાનો અને વાહનો પર બરફના થર જામી ગયા છે. પક્ષીઓ માટે ઘરની બહાર રાખેલા પાણીના કુંડા પણ જામી ગયા છે. સનસેટ પોઈન્ટ, હનીમૂન પોઈન્ટ, શૂટિંગ પોઈન્ટ પર પર પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો. કુદરતી વાતાવરણ ખિલતા લોકો નક્કી લેકમાં બોટિંગનો આનંદ માણી રહ્યા છે.

બરફનો નજારો જોતાં જ લોકો શિમલા જેવા વાતાવરણનો અનુભવ રહ્યા છે. આ ઉપરાંત અરવલ્લી પર્વતમાળાના સૌથી ઊંચા ગુરુ શિખર, અચલગઢ, કુંભારવાડા સહિત અનેક વિસ્તારોમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. ગાઢ ધુમ્મસના કારણે વાહનોની અવર જવરમાં પરેશાની ઊભી થઈ છે.


## શિવરાજ ચૌહાણે VB-G પર 'ખોટી માહિતી ફેલાવવા' બદલ કોંગ્રેસની ટીકા કરી RAM G: 'તે મનરેગા કરતા વધુ સારું છે'

નવી દિલ્હી,

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રવિવારે VB-G RAM G યોજના વિરુદ્ધ કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા અભિયાન પર ટીકા કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ તેના વિરુદ્ધ ખોટી માહિતી ફેલાવી રહી છે. VB-G RAM G યોજનાનો બચાવ કરતા, કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA) હેઠળ ભ્રષ્ટાચાર વ્યાપક છે.

દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં બોલતા, ચૌહાણે કહ્યું કે કોંગ્રેસે ફક્ત લોકોને ગેરમાર્ગે દોરવા માટે 'MGNREGA બચાવો સંગ્રામ' ની જાહેરાત કરી છે. કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલ 'MGNREGA બચાવો સંગ્રામ' ૧૦ જાન્યુઆરીથી ૨૫ ફેબ્રુઆરી સુધી યોજાશે, જેમાં VB-G RAM G કાયદાને પાછો ખેંચવાની માંગ કરવામાં આવશે.

ચૌહાણે એમ પણ પૂછ્યું કે VB G-RAM-G યોજના અને સ્દ્દઈઈચ્છ પર ચર્ચા થઈ ત્યારે કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ રાહુલ ગાંધી સંસદમાં કેમ હાજર ન હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસે VB-G RAM G કાયદા વિશે જૂઠાણું ફેલાવવાનું બંધ કરવું જોઈએ અને આ યોજનાને વધુ સારી બનાવવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનવો જોઈએ. મનરેગા ભ્રષ્ટાચારનો પર્યાય બની ગયો હતો. ગ્રામ સભાઓ દ્વારા કરવામાં આવતા સામાજિક ઓડિટ હેઠળ, ૧૦,૫૧,૦૦૦ થી વધુ ફરિયાદો મળી હતી. એ જ કામ વારંવાર કરવામાં આવ્યું, મશીન દ્વારા કામ કરવામાં આવ્યું, નહેરો, રસ્તાઓ સાફ કરવાના નામે પૈસા ઉડાડવામાં આવ્યા. ત્રીસ ટકા કામદારો ૬૦ વર્ષથી વધુ ઉંમરના હતા, ચૌહાણે કહ્યું. મોદી સરકાર હેઠળ ૮,૪૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ આપવામાં આવ્યા છે જ્યારે યુપીએ દરમિયાન ૨ લાખ કરોડ રૂપિયાથી વધુ આપવામાં આવ્યા હતા. શું કાયમી સંપત્તિ બનાવવામાં આવી હતી? શું આ પૈસાનો ઉપયોગ વિકાસ માટે થઈ શકે તેમણે ઉમેર્યું. ચૌહાણ, જે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી પણ છે, તેમણે કહ્યું કે આવતા વર્ષે આ યોજના માટે લગભગ ૧,૫૧,૨૮૨ કરોડ



રૂપિયા ફાળવવામાં આવશે. આમાંથી ૯૫,૬૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર દ્વારા ફાળવવામાં આવશે. તેમણે કહ્યું કે આ રકમ ૧૨૫ દિવસ માટે પૂરતી હશે અને ગામડાઓનો વિકાસ સુનિશ્ચિત કરશે. કોંગ્રેસ જૂઠાણાની ફેક્ટરી છે. હવે તેઓ કહી રહ્યા છે કે કામદારોને કામ નહીં મળે, કેન્દ્રીય મંત્રીએ કહ્યું, VB-G RAM G યોજના કામદારોના હિતોનું રક્ષણ કરશે. VB-G RAM G યોજના અથવા વિકાસ ભારત-રોજગાર અને અજીવિકા મિશન બિલ, આ શિયાળુ સત્ર દરમિયાન સંસદ દ્વારા મનરેગાને બદલવા માટે પસાર કરવામાં આવ્યું હતું. ૨૧ ડિસેમ્બરના રોજ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બિલને પોતાની સંમતિ આપી, તેને કાયદો બનાવ્યો.

# વિસાવદરના નાની મોણપરી ગામમાં સિંહણના રેસ્ક્યુ દરમિયાન વન કર્મી અશરફભાઈ ચૌહાણના મૃત્યુની ઘટના બદલ દુઃખ વ્યક્ત કરતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામમાં સિંહણના રેસ્ક્યુ દરમિયાન કર્મચારી અશરફભાઈ ચૌહાણના મૃત્યુની દુઃખદ ઘટના સામે આવી છે. જેને અત્યંત દુઃખદ ગણાવતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પીડિત પરિવાર પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. આ સમગ્ર બનાવની તપાસ ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢના નાયબ વન સંરક્ષક શ્રી પ્રશાંત તોમરને સોંપવામાં આવી છે. વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મૃત્યુ પામનાર કર્મચારી શ્રી અશરફભાઈ અલીભાઈ ચૌહાણના પરિવારને મળવાપાત્ર નાણાકીય સહાય ઉપરાંત મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય ચુકવાય તે દરખાસ્ત કરવાના વન વિભાગને આદેશ આપ્યા છે.

આ અંગે વધુ વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામમાં સિંહણ દ્વારા એક બાળક પર હુમલો કરી મૃત્યુ નિપજાવવાની દુઃખદ ઘટના સામે આવી હતી. આ ગામ ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢ હેઠળની વિસાવદર રેન્જની ગ્રાસ રાઉન્ડની માણંદીયા બીટના કાર્યક્ષેત્રમાં આવે છે. આ નાની મોણપરી ગામના ખેડૂત ખાતેદાર શ્રી પરસોત્તમભાઈ વાલજીભાઈ વઘાસીયાના ખેતરમાં મજુરી કામ કરતા શૈલેષભાઈ સોમાભાઈ પારગીના પુત્ર શિવમ શૈલેષભાઈ પારગી (ઉ.વ.૪) તા. ૦૪/૦૧/૨૦૨૬ ના રોજ વાડીએ આવેલ મકાનની બાજુમાં રમતો હતો, તે દરમિયાન સવારે ૧૦-૩૦ કલાકે અચાનક વન્યપ્રાણી સિંહણ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સિંહણ બાળકને તુવેરના પાકમાં ઢસડી ગયેલ જે દરમિયાન બાળકનું મૃત્યુ થયું હતું. આ સમગ્ર બનાવની તપાસ ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢના નાયબ વન સંરક્ષક શ્રી પ્રશાંત તોમરને સોંપવામાં આવી છે. વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મૃત્યુ પામનાર કર્મચારી શ્રી અશરફભાઈ અલીભાઈ ચૌહાણના પરિવારને મળવાપાત્ર નાણાકીય સહાય ઉપરાંત મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય ચુકવાય તે દરખાસ્ત કરવાના વન વિભાગને આદેશ આપ્યા છે.


જેને લઈને આ સિંહણને પકડવા માટે વન વિભાગે યુદ્ધના ધોરણે ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં હુમલો કરનાર સિંહણ માદાને પકડીને સ્થળાંતર કરવાની કાર્યવાહી વિસાવદર રેન્જના સ્ટાફ તથા વેટનરી ઓફિસરશ્રી, સાસણની ટીમ દ્વારા હાથ ધરાઈ હતી. જે તુવેરના ખેતરમાં સિંહણને પકડવા માટે ટ્રેન્કવીલ્કાઈઝ્સ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી, ત્યારે ટ્રેં કવીલાઈઝર ગનમાંથી છોડવામાં આવેલ ડાર્ટ તુવેરના છોડમાં ફસાઈને દિશા બદલતા રેસ્ક્યુ કામગીરીમાં જોડાયેલ અશરફભાઈ અલીભાઈ ચૌહાણ (રહે. રજપરા, ઉ.વ. ૩૦) ના ડાબા હાથમાં કોણીથી ઉપરના ભાગે વાગી હતી. જેથી તેમને સારવાર માટે પ્રથમ વિસાવદર સરકારી હોસ્પિટલ ખાતે સરકારી વાહનમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી ૧૦૮ મારફતે વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખેસેડવામાં આવ્યા હતા, જ્યાં આજે વહેલી સરવાર સારવાર દરમિયાન તેમનું દુઃખદ મૃત્યુ થયું છે.

મૃતક અશરફભાઈ અલીભાઈ ચૌહાણ ગીર પશ્ચિમ વિભાગ, જુનાગઢ હેઠળની વિસાવદર રેન્જમાં છેલ્લા બે વર્ષથી વન્યપ્રાણી અવલોકન, રેસ્ક્યુ સહિતની કામગીરી માટે ટ્રેકર તરીકે ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી અંતર્ગત કાર્યરત હતા. તેમના પરિવારને નાણાકીય સહાય મળી રહે તે માટે સ્વ. શ્રી વિશાણા મેમોરીયલ, ગીર ફોરેસ્ટ સ્ટાફ વેલ્ફેર એસોશીએશન સાસણ (ગીર) સહકારી મંડળીમાંથી મળવાપાત્ર રૂ. પાંચ લાખ ચુકવવામાં આવશે. આ ઉપરાંત ટ્રેકર માટે લેવામાં આવેલ અકસ્માત વિમાની રકમ રૂ.૧૦ લાખ વારસદારને ચૂકવવા માટેની દરખાસ્ત કરવામાં આવી છે. વધુમાં મુખ્યમંત્રી રાહતફંડમાંથી પણ સહાય મળે તે માટે દરખાસ્ત મોકલવા વન વિભાગના અધિકારીઓને મંત્રીશ્રી દ્વારા આદેશ આપવામાં આવ્યા છે. આ અંગે વન અને પર્યાવરણ રાજય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે, એક વનકર્મીનું ફરજ દરમિયાન આ રીતે અકસ્માતે મૃત્યુ થવાની ઘટના સમગ્ર વન વિભાગ માટે આઘાતજનક છે. આ દુઃખદ ઘડીમાં વન વિભાગની સમગ્ર ટીમ મૃતકના પરિવારજનો સાથે છે અને તેમને શક્ય તમામ પ્રકારની તાત્કાલિક મદદ મળી રહે તે માટે વન વિભાગ દ્વારા જરૂરી તમામ કાર્યવાહી કરવામાં આવી રહી છે.



# અનિલ કપૂર કલ્ટ ફિલ્મ નાયકની સિક્વલ બનાવશે! :૨૫ વર્ષ પછી પ્રોડ્યુસર પાસેથી રાઈટ્સ ખરીદ્યા

વર્ષ ૨૦૦૧માં રિલીઝ થયેલી અનિલ કપૂર, રાની મુખર્જી અને અમરીશ પુરી અભિનીત ફિલ્મ 'નાયક' સુપરહિટ રહી હતી. આ ફિલ્મ આજે પણ ભારતની કલ્ટ ફિલ્મોમાં ગણાય છે. હવે ફિલ્મ રિલીઝ થયાના ૨૫ વર્ષ પછી અનિલ કપૂર ટૂંક સમયમાં તેની સિક્વલ લાવી શકે છે. તેણે તાજેતરમાં ફિલ્મના નિર્માતા એ.એમ. રત્નમ પાસેથી ફિલ્મના રાઈટ્સ ખરીદી લીધા છે.તાજેતરમાં આવેલી બોલિવૂડ હંગામાની રિપોર્ટમાં સૂત્રોના હવાલેથી જણાવાયું છે કે 'સનમ તેરી કસમ' જેવી હિટ ફિલ્મ બનાવી ચૂકેલા નિર્માતા દીપક મુકુટ પાસે વર્ષ ૨૦૦૧માં આવેલી ફિલ્મ 'નાયક'ના રાઈટ્સ હતા. પરંતુ તાજેતરમાં અનિલ કપૂરે તેમની પાસેથી ફિલ્મ 'નાયક'ના રાઈટ્સ ખરીદી લીધા છે.




રિપોર્ટમાં આગળ જણાવાયું છે કે ફિલ્મ 'નાયક' અનિલ કપૂરના દિલની ખૂબ નજીક છે, તેથી તે તેના રાઈટ્સ પોતાની પાસે રાખવા માંગે છે. તે આ ફિલ્મની સિક્વલ પણ બનાવવા માંગે છે. તેને ખબર છે કે વર્ષોથી આ ફિલ્મને દર્શકો તરફથી કેટલો પ્રેમ મળ્યો છે અને તેનું માનવું છે કે 'નાયક'ના વિષયમાં સિક્વલની સંભાવનાઓ છે.ફિલ્મ 'નાયક' વર્ષ ૨૦૦૧ની હિટ ફિલ્મ હતી, જેમાં અનિલ કપૂર, રાની મુખર્જી, પૂજા બત્રા, અમરીશ પુરી, પરેશ રાવલ મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મનું નિર્દેશન શંકરે કર્યું હતું. આ શંકરની જ સાઉથ ફિલ્મ 'મધુવલન' (૧૯૯૯)ની હિન્દી રીમેક હતી. નાયક, ડિરેક્ટર શંકરના નિર્દેશનમાં બનેલી એકમાત્ર હિન્દી ફિલ્મ છે. આ ઉપરાંત તેણે 'શિવાજી- ધ બોસ', 'આઈ', 'રોબોટ ૨.૦' જેવી સુપરહિટ ફિલ્મો બનાવી છે.

આ પહેલા પણ નાયકની સિક્વલના સમાચાર ચર્ચામાં રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં સમાચાર હતા કે અનિલ કપૂર નાયકની સિક્વલ કરી રહ્યા છે, જેનું ટાઈટલ 'નાયક રિટર્ન' થવાનું છે. જોકે મેકર્સ તરફથી તેની કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી ન હતી. આ પછી વર્ષ ૨૦૧૭માં પણ આ સિક્વલ ચર્ચામાં હતી.

# હોસ્પિટલની અંદર ૨૦૦ પોલીસકર્મીઓ હતા':ભાણી રાગિણી ખન્નાએ ગોવિંદાને ગોળી વાગવાની ઘટના પછીની સ્થિતિ જણાવી

વર્ષ ૨૦૨૪માં ગોવિંદાથી ભૂલથી મિસફાયર થયું હતું અને એક્ટરને પોતાના જ પગમાં ગોળી વાગી હતી. ઘટનાના તરત જ બાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જેના પછી તેની સર્જરી કરવામાં આવી હતી. તાજેતરમાં આ ઘટનાને લઈને ગોવિંદાની ભાણી અને એક્ટ્રેસ રાગિની ખન્નાએ વાત કરી છે.રાગિનીએ કહ્યું, "મારી માતાએ મને જણાવ્યું કે તેને એક કોલ આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ચીચી મામાને ગોળી વાગી છે. તે સમયે અમે બધા ખૂબ જ આશ્ચર્યચકિત હતા. આ પછી મારી માતાએ જણાવ્યું કે તેણે (ગોવિંદા) પોતાને ગોળી મારી દીધી હતી."એક્ટ્રેસે આગળ જણાવ્યું કે- ઘટનાની જાણકારી મળ્યા પછી તેની માતા તરત જ હોસ્પિટલ માટે નીકળી હતી.



જોકે, રાગિની તે સમયે આઘાતમાં હતી, તેથી તે થોડી મોડી હોસ્પિટલ પહોંચી. તેણે કહ્યું કે તે લગભગ ત્રણ કલાક પછી હોસ્પિટલ પહોંચી, જ્યારે તેની માતા અને ભાઈ તરત જ ત્યાં પહોંચી ગયા હતા.જ્યારે ઈન્ટરવ્યુમાં તેમને પૂછવામાં આવ્યું કે- ઘણા લોકોને આ વાત પર વિશ્વાસ કેમ ન થયો કે ગોળી ભૂલથી ચાલી હતી, ત્યારે રાગિનીએ કહ્યું કે હોસ્પિટલની અંદર લગભગ ૨૦૦ પોલીસકર્મીઓ તૈનાત હતા. આ ઉપરાંત ગોવિંદાના ઘરની બહાર પણ લગભગ ૫૦ પોલીસકર્મીઓ હાજર હતા, જેથી સમગ્ર મામલાની તપાસ કરી શકાય. રાગિનીએ કહ્યું કે તેને પોલીસ પર પૂરો ભરોસો છે. તેણે જણાવ્યું કે જો આ ઘટનામાં કોઈ અન્ય સામેલ હોત, તો સત્ય સામે આવ્યા વિના આવું શક્ય ન હોત.ગોવિંદાને ગોળી વાગવાની ઘટના ૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સવારે લગભગ ૪:૪૫ વાગ્યે તેમના મુંબઈ સ્થિત જુહુના ઘરે બની હતી. એક્ટરે પોતાની લાઈસન્સવાળી ૦.૩૨ બોરની રિવોલ્વર સાફ કર્યા પછી તેને કબાટમાં મૂકી રહ્યો હતો. આ દરમિયાન રિવોલ્વર હાથમાંથી પડી ગઈ અને મિસફાયર થયું. ગોળી તેમના ડાબા પગમાં ઘૂંટણની નીચે વાગી.આ પછી તેમને તરત જ અંધેરી વેસ્ટની ક્રિટિકેર એશિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. સર્જરી પછી તેમની હાલત સ્થિર રહી. ત્રણ દિવસ પછી, ૪ ઓક્ટોબરે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

# નુપુર સેનનને બોયફ્રેન્ડ સ્ટેબિને પહેરાવ્યો ૮.૩૨ લાખનો હીરોઃ'માર્કવિઝ કટ' ડાયમંડે એક્ટ્રેસની સુંદરતામાં ચાર ચાંદ લગાવ્યા, બહેન ક્રિતી સેનન ભાવુક થઈ







બોલિવૂડ એક્ટ્રેસ ક્રિતી સેનનની બહેન અને સિંગર-એક્ટ્રેસ નૂપુર સેનને શનિવારે બોયફ્રેન્ડ સ્ટેબિન સાથે સગાઈની જાહેરાત કરી છે. નૂપુરે શેર કરેલા ફોટોમાં તેના હાથમાં રહેલી ડાયમંડ રિંગે સૌનું ધ્યાન આકર્ષીત કર્યું છે. આ ડાયમંડ રિંગ સાથે ઐતિહાસિક ઘટના જોડાયેલી છે. તો બીજી તરફ નૂપુરના ફોટો જોઈને ક્રિતી સેનન ભાવુક થઈ ગઈ છે.નૂપુર સેનને ઈન્સ્ટાગ્રામ પર સગાઈની તસવીરો પોસ્ટ કરી હતી. આ સાથે તેણે કેપ્શનમાં લખ્યું, 'શંકાઓથી ભરેલી આ દુનિયામાં, મેં અત્યાર સુધીનું સૌથી સરળ 'હા' શોધી લીધું.'

નૂપુરે જ્યારથી સોશિયલ મીડિયા પર તેની સગાઈના ફોટો શેર કર્યા છે, ત્યારથી તેના હાથમાં રહેલી ડાયમંડ રિંગે સૌનું ધ્યાન આકર્ષીત કર્યું છે. સ્ટેબિને નૂપુરને પહેરાવેલી રિંગમાં ડાયમંડનો શેપ યુનિક છે. નૂપુરે પહેરેલી વીંટીમાં 'માર્કવિઝ કટ'વાળો ડાયમંડ લગાવવામાં આવેલો છે, જેનો અંદાજિત વજન ૦.૮૦ કેરેટ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.૧૮મી સદીમાં ફ્રાન્સના રાજા લુઈ ઠફની પ્રેમિકા માર્કવિઝ ઓફ પોમ્પેડોરના હોઠ ખૂબ જ સુંદર હતાં. જેથી રાજાએ પ્રેમિકાના હોઠના આકાર જેવી દેખાતી ડિઝાઈન બનાવી હતી, તેથી તેને 'માર્કવિઝ કટ' કહેવામાં આવે છે. 'મિસમાલિની' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ) અનુસાર, જો આ હીરાનો વજન ૪ કેરેટ છે, તો આ તેની કિંમત લગભગ ૮,૩૨,૦૦૦ રૂપિયા હોઈ શકે છે.

સિંગર સ્ટેબિન બેન અને એક્ટ્રેસ નૂપુર સેનનના લગ્ન ૧૧ જાન્યુઆરીએ ઉદયપુરમાં થશે. લગ્ન એક ખાનગી પરંતુ ભવ્ય સમારોહની જેમ આયોજિત કરવામાં આવશે, જેમાં બંનેના નજીકના મિત્રો અને પરિવારના સભ્યો જ હાજર રહેશે. જ્યારે, ફિલ્મ અને મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાંથી પણ પસંદગીના નામો જ લગ્નમાં ભાગ લેશે.ઉદયપુરમાં યોજાનારા આ લગ્નમાં નૂપુરની બહેન ક્રિતી સેનનના નજીકના લોકો, જે ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા છે, તેઓ હાજર રહે તેવી અપેક્ષા છે. જોકે, ઈન્ડસ્ટ્રીના લોકો માટે મુંબઈમાં રિસેપ્શન પાર્ટીનું આયોજન કરવામાં આવશે, જે ૧૩ જાન્યુઆરીએ યોજાશે.

# ગુજ્જુ ટીવી સ્ટારના છૂટાછેડા!:લગ્નના ૧૪ વર્ષ પછી જય ભાનુશાળી-માહી વિજ થયા અલગ

ટીવી એક્ટર જય ભાનુશાળી અને એક્ટ્રેસ માહી વિજે અલગ થવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયની જાણકારી જયે સોશિયલ મીડિયા દ્વારા આપી. તેણે એક સત્તાવાર નિવેદન શેર કરીને આ નિર્ણયની પુષ્ટિ કરી.રવિવારે જય અને માહીએ ઈન્સ્ટાગ્રામ પર એક સંયુક્ત નિવેદન પોસ્ટ કર્યું. તેમાં કહેવામાં આવ્યું હતું કે- 'આજે અમે જીવનના સફરમાં અલગ રસ્તાઓ પસંદ કરી રહ્યા છીએ, પરંતુ અમે એકબીજાનો સાથ આપવાનું ચાલુ રાખીશું. શાંતિ, દયા અને માનવતા હંમેશા અમારી વિચારસરણીનો ભાગ રહી છે.'નિવેદનમાં બંનેએ પોતાના બાળકોનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે- અમારા બાળકો તારા, ખુશી અને રાજવીર માટે અમે સારા માતા-પિતા અને સારા મિત્રો બની રહીશું. તેના માટે જે યોગ્ય હશે, તે કરવાની પૂરી કોશિશ કરીશું.જય અને માહીએ સ્પષ્ટ કર્યું કે- આ નિર્ણયમાં કોઈ નકારાત્મકતા નથી.

# ગુજરાતના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના

**આધુનિક અને ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગથી સંભવિત સાયબર ખતરા સામે રાજ્ય સરકારની પૂર્વ તૈયારી**

**રાજ્યના ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર સુરક્ષાની તૈયારીઓની સમીક્ષા સાથે વ્યૂહાત્મક રોડમેપ તૈયાર કરવામાં આવશે**

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ કોર કમિટી અને ટાસ્કફોર્સ રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અંગે જરૂરી કામગીરી, તાલીમ, વિવિધ સંસ્થાઓની ભાગીદારી અને સાયબર જાગરૂકતા કાર્યક્રમો અંગે સમીક્ષા કરીને રોડમેપ રજૂ કરશે.

રાજ્યની ૨૪ કલાક વીજ પુરવઠાની વ્યવસ્થામાં હવે સ્માર્ટ મીટર, સ્માર્ટ ગ્રીડ અને SCADA જેવી આધુનિક પ્રણાલીઓ સામેલ કરવામા આવી હોવાથી, ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર હુમલાઓની સંભાવના વધી જાય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર તરફથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ (EPD) દ્વારા ૧૧ સભ્યોની કોર કમિટી અને ૧૯ સભ્યોની ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે.

આ કમિટી અને ટાસ્કફોર્સ ઊર્જા ક્ષેત્રના મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર IT અને સાયબર સુરક્ષાને લગતી વ્યવસ્થાઓ, સાયબર સુરક્ષા નીતિ અને તેની ઘટનાઓના વ્યવસ્થાપન અંગેની તૈયારીઓની સમીક્ષા કરશે. તે સિવાય તેમાં જરૂરી સુધારા અને સાયબર સિક્યોરિટી પ્રણાલીનું નિર્માણ કરવા માટે એક રોડમેપ પણ રજૂ કરશે. તેના માટે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ આ ક્ષેત્રના નિષ્ણાતો સાથે ભાગીદારી પણ કરવામાં આવશે અને સાયબર ડ્રિલ અને તાલીમ સાથે જાગરૂકતા કાર્યક્રમો તેમજ રાષ્ટ્રીય અને રાજ્યની એજન્સીઓ સાથે સંકલન કરવામાં આવશે. રાજ્યના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે જડબેસલાક બનાવવા માટે એક મજબૂત અને સુવ્યવસ્થિત પ્રણાલી વિકસિત કરવાના ઉદ્દેશ સાથે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# જૂની અદાવતનો બદલો લેવા નીકળેલા બે રીઢા ગુનેગારો હથિયારો સાથે ઝડપાયા




અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતા તત્વો સામે અમદાવાદ ટીમે લાલ આંખ કરી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં અગાઉ થયેલા ઝઘડાનું વેર વાળવા માટે એક યુવકની હત્યા કરવાના ઈરાદા સાથે હથિયારો સાથે નીકળેલા બે કુખ્યાત ગુનેગારોને પોલીસે સમયસૂચકતા વાપરીને ઝડપી પાડ્યા છે. ન્ઝમ્ની આ સફળ કામગીરીને કારણે શહેરમાં બનતી એક મોટી ગુનાહિત ઘટના અને લોહીયાળ જંગ અટકાવવામાં પોલીસને સફળતા મળી છે.મળતી માહિતી મુજબ, આરોપીઓના નિશાના પર નિશિકાંત કુશવાહા નામનો વ્યક્તિ હતો. નિશિકાંત કુશવાહા અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રહે છે અને સામાન્ય વ્યવસાય સાથે સંકળાયેલો છે. આશરે એક મહિના અગાઉ આરોપીઓ સાથે કોઈ કારણસર નિશિકાંતનો ઝઘડો થયો હતો. આ વિવાદ એટલો વકર્યો હતો કે, આરોપીઓએ નિશિકાંતને રસ્તામાંથી હટાવવાનું નક્કી કરી લીધું હતું. નિશિકાંત પોતાની કામમાં વ્યસ્ત હતો, ત્યારે તેને અણસાર પણ નહોતો કે તેની હત્યા માટે ઘાતક કાવતરું રચાઈ રહ્યું છે.મળતી માહિતી મુજબ, ગત ૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ન્ઝમ્ની ટીમને બાતમી મળી હતી કે બે શખસો ઘાતક હથિયારો સાથે કોઈ મોટી ઘટનાને અંજામ આપવા જઈ રહ્યા છે.

# અમદાવાદ: ઈન્કમ ટેક્સ પાસે આવેલી ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી



ઈન્કમ ટેક્સ પાસે આવેલી અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી છે. અજાણ્યા શખ્સે ઈમેલ મારફતે કોર્ટના ઈમેલ પર મેલ કરીને કોર્ટને ઉડાવવાની ધમકી આપી હતી. ઈમેલ મળતા પોલીસને જાણ કરવામાં આવી હતી. નવરંગપુરા પોલીસ, બોમ્બ સ્કવૉડ, ડોગ સ્કવૉડ દ્વારા કોર્ટમાં હાલ તપાસ કરવામાં આવી રહી છે. ધમકી મળતા કોર્ટની કામગીરી સ્થગિત કરવામાં આવી છે.

ગુજરાતમાં આ પહેલા સરકારી કચેરીઓ,એરપોર્ટ,સ્કૂલો જેવા સ્થળોએ બોમ્બ કે આરડીએક્સ મૂકવામાં આવ્યા છે તેવી ધમકી આપતા મેલ અવારનવાર મળ્યા હતા. મેલ બોગસ હોવા છતાં પોલીસ દ્વારા ગંભીર નોંધ લઈને તપાસ કરવામાં આવતી હોય છે. ધમકીના મોટાભાગના મેલનું આઈપી એડ્રેસ વિદેશનું મળતું હોય છે. જેને કારણે પોલીસની તપાસમાં અળચણ આવતી હોય છે, ઘણી વખત માનસિક તણાવનો ભોગ બનેલા કે અસ્થિર દ્વારા પણ આવા ધમકીભર્યા મેઈલ મોકલવામાં આવતા હોય છે છેલ્લે ધમકી આપનારાનો ઈરાદો માત્ર હેરાનગતિ કરવા સિવાય કોઈ નહી હોવાનું ખૂલે છે. તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુઓ મળતી નથી. જો કે આજે પણ અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળતા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે, તપાસમાં શું નીકળશે તે જોવું રહ્યું!




# ગાંધીનગરમાં રોગચાળો: એક બાળકનું શંકાસ્પદ મોત, સિવિલમાં બેડ ખૂટી પડતા નવો વોર્ડ શરૂ કરાયો





રાજ્યના પાટનગરમાં પાણીજન્ય રોગચાળાએ અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. ખાસ કરીને જૂના સેક્ટરો અને આસપાસના વિસ્તારોમાં ટાઈફોઈડના કેસોમાં મોટો ઉછાળો આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો એવો ધસારો છે કે બેડ ખૂટી પડ્યા છે અને તાત્કાલિક ધોરણે વધારાનો વોર્ડ શરૂ કરવાની ફરજ પડી છે.પાટનગરમાં પ્રસરેલા આ રોગચાળામાં અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ લોકો સારવાર હેઠળ છે, જેમાંથી ૫૦ જેટલા કેસ પોઝિટિવ નોંધાયા છે. સૌથી દુખદ બાબત એ છે કે, સારવાર લઈ રહેલા બાળકો પૈકી એક બાળકનું શંકાસ્પદ મોત નીપજ્યું હોવાના અહેવાલ છે, જ્યારે અન્ય બે બાળકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં જ વધુ ૧૮ બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.આ આખી ઘટનામાં તંત્રની ગુનાહિત બેદરકારી સામે આવી છે. આરોગ્ય વિભાગે ૩૦ ડિસેમ્બરના રોજ જ ગાંધીનગર મહાનગરપાલિકાને લેખિતમાં જાણ કરી હતી કે શહેરમાં પાણીજન્ય રોગચાળો ફેલાઈ રહ્યો છે. તેમ છતાં, પાલિકા તંત્ર ઘોર નિદ્રામાં રહ્યું અને કોઈ નક્કર પગલાં ન લેવાયા, જેનું પરિણામ આજે ગાંધીનગરની જનતા ભોગવી રહી છે.તપાસમાં સામે આવ્યું છે કે પાટનગરના વિવિધ વિસ્તારોમાં અંદાજે ૧૯ થી ૨૦ જેટલી જગ્યાએ પીવાના પાણીની લાઈનમાં લીકેજ છે. આ લીકેજને કારણે ગટરનું ગંદુ પાણી પીવાની લાઈનમાં ભળી રહ્યું છે, જેના કારણે ટાઈફોઈડના કેસોમાં વિસ્ફોટક ઉછાળો આવ્યો છે. જો પાલિકાએ સમયસર આ લીકેજ બંધ કર્યા હોત, તો આજે સ્થિતિ આટલી ગંભીર ન હોત.

સિવિલ હોસ્પિટલમાં હાલ યુદ્ધના ધોરણે સારવાર ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૮૯ લોકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે, પરંતુ નવા કેસો આવવાનું સતત ચાલુ હોવાથી તબીબો પર પણ ભારણ વધ્યું છે. હોસ્પિટલ તંત્ર દ્વારા બાળકો માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

# આબુમાં ઠંડીનો પારો ગગડતા પ્રવાસીઓ પિકનિક માટે ઉમટ્યા



રાજસ્થાન,

રાજસ્થાનના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં હાલ હાડ થિજવતી ઠંડી પડી રહી છે. તાપમાનનો પારો સતત ગગડતા સહેલાણીઓ કોહરા સાથે કડકડતી ઠંડીનો આનંદ લઈ રહ્યા છે. નવા વર્ષની શરૂઆતથી જ સતત માઉન્ટ આબુમાં હવામાનમાં ફેરફાર આવ્યો છે. લધુત્તમ તાપમાન શૂન્ય (૦) ડિગ્રીથી નીચે પહોંચી જતાં સવારમાં મેદાન, વાહનો અને રસ્તા પર બરફની આછેરી ચાદર પથરાઈ ગઈ છે. મહત્વનું છે કે ગુજરાતમાંથી મોટી સંખ્યા પર્યટકો માઉન્ટ આબુમાં હરવા-ફરવા જાય છે ત્યારે ખુશનુમા વાતાવરણ થતાં પ્રવાસની મજા બમણી થઈ ગઈ છે. માઉન્ટ આબુમાં માઈનસ ૩ ડિગ્રી જેટલું સવારનું તાપમાન નોંધાયું છે જેના કારણે મેદાનો અને વાહનો પર બરફના થર જામી ગયા છે. પક્ષીઓ માટે ઘરની બહાર રાખેલા પાણીના કુંડા પણ જામી ગયા છે. સનસેટ પોઈન્ટ, હનીમૂન પોઈન્ટ, શૂટિંગ પોઈન્ટ પર પર પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો. કુદરતી વાતાવરણ ખિલતા લોકો નક્કી લેકમાં બોટિંગનો આનંદ માણી રહ્યા છે.

બરફનો નજારો જોતાં જ લોકો શિમલા જેવા વાતાવરણનો અનુભવ રહ્યા છે. આ ઉપરાંત અરવલ્લી પર્વતમાળાના સૌથી ઊંચા ગુરુ શિખર, અચલગઢ, કુંભારવાડા સહિત અનેક વિસ્તારોમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. ગાઢ ધુમ્મસના કારણે વાહનોની અવર જવરમાં પરેશાની ઊભી થઈ છે.

# શિવરાજ ચૌહાણે VB-G પર 'ખોટી માહિતી ફેલાવવા' બદલ કોંગ્રેસની ટીકા કરી RAM G: 'તે મનરેગા કરતા વધુ સારું છે'



નવી દિલ્હી,

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રવિવારે VB-G RAM G યોજના વિરુદ્ધ કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા અભિયાન પર ટીકા કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ તેના વિરુદ્ધ ખોટી માહિતી ફેલાવી રહી છે. VB-G RAM G યોજનાનો બચાવ કરતા, કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA) હેઠળ ભ્રષ્ટાચાર વ્યાપક છે.

દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં બોલતા, ચૌહાણે કહ્યું કે કોંગ્રેસે ફક્ત લોકોને ગેરમાર્ગે દોરવા માટે 'MGNREGA બચાવો સંગ્રામ' ની જાહેરાત કરી છે. કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલ 'MGNREGA બચાવો સંગ્રામ' ૧૦ જાન્યુઆરીથી ૨૫ ફેબ્રુઆરી સુધી યોજાશે, જેમાં VB-G RAM G કાયદાને પાછો ખેંચવાની માંગ કરવામાં આવશે.

ચૌહાણે એમ પણ પૂછ્યું કે VB G-RAM-G યોજના અને સ્દ્ધઈઈચ્છ પર ચર્ચા થઈ ત્યારે કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ રાહુલ ગાંધી સંસદમાં કેમ હાજર ન હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસે VB-G RAM G કાયદા વિશે જૂઠાણું ફેલાવવાનું બંધ કરવું જોઈએ અને ×આ યોજનાને વધુ સારી બનાવવા× બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનવો જોઈએ. ×મનરેગા ભ્રષ્ટાચારનો પર્યાય બની ગયો હતો. ગ્રામ સભાઓ દ્વારા કરવામાં આવતા સામાજિક ઓડિટ હેઠળ, ૧૦,૫૧,૦૦૦ થી વધુ ફરિયાદો મળી હતી. એ જ કામ વારંવાર કરવામાં આવ્યું, મશીન દ્વારા કામ કરવામાં આવ્યું, નહેરો, રસ્તાઓ સાફ કરવાના નામે પૈસા ઉડાડવામાં આવ્યા. ત્રીસ ટકા કામદારો ૬૦ વર્ષથી વધુ ઉંમરના હતા,× ચૌહાણે કહ્યું. ×મોદી સરકાર હેઠળ ૮,૪૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ આપવામાં આવ્યા છે જ્યારે યુપીએ દરમિયાન ૨ લાખ કરોડ રૂપિયાથી વધુ આપવામાં આવ્યા હતા. શું કાયમી સંપત્તિ બનાવવામાં આવી હતી? શું આ પૈસાનો ઉપયોગ વિકાસ માટે થઈ શકે?× તેમણે ઉમેર્યું. ચૌહાણ, જે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી પણ છે, તેમણે કહ્યું કે આવતા વર્ષે આ યોજના માટે લગભગ ૧,૫૧,૨૮૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. આમાંથી ૯૫,૬૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર દ્વારા ફાળવવામાં આવશે. તેમણે કહ્યું કે આ રકમ ૧૨૫ દિવસ માટે પૂરતી હશે અને ગામડાઓનો વિકાસ સુનિશ્ચિત કરશે. ×કોંગ્રેસ જૂઠાણાની ફેક્ટરી છે. હવે તેઓ કહી રહ્યા છે કે કામદારોને કામ નહીં મળે,× કેન્દ્રીય મંત્રીએ કહ્યું, VB-G RAM G યોજના કામદારોના હિતોનું રક્ષણ કરશે. VB-G RAM G યોજના અથવા વિકાસ ભારત-રોજગાર અને અજીવિકા મિશન બિલ, આ શિયાળુ સત્ર દરમિયાન સંસદ દ્વારા મનરેગાને બદલવા માટે પસાર કરવામાં આવ્યું હતું. ૨૧ ડિસેમ્બરના રોજ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બિલને પોતાની સંમતિ આપી, તેને કાયદો બનાવ્યો.

"THIS NEWSPAPER/PERIODICAL IS PUBLISHED BY RIJVAN MANSURI FROM A 12 MULCHAND PARK, PETHAPUR, DISTRICT GANDHINAGAR, GUJARAT – 382610 ON BEHALF OF RIJVAN MANSURI, EDITED BY RIJVAN MANSURI AND PRINTED BY THAKAR ILEVAN HASMUKHRAI AT JAY GRAPHICS AND PRINTERS, C/15, VIKRAM CHAMBERS, INCOME TAX, ASHRAM ROAD, AHMEDABAD – 380009."